# હેપ્પી ધૂળેટી : આજે શહેરમાં રંગોની છોળો ઉડશે

## ધૂળેટીની ઉજવણીમાં 'જલ એ જ જીવન'ને ધ્યાનમાં રાખી પાણીનો વ્યય ન થાય તેની કાળજી રાખવી






ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં હોળી પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. હોળી પર્વ બાદ તારીખ ૮ના રોજ રંગોત્સવ ધૂળેટી છે. ધૂળેટી માટે સૌ કોઈ થનગની રહ્યું છે ત્યારે આ વખતે ધૂળેટીની રંગારંગ ઉજવણીઓ કરવામાં આવશે. ધૂળેટીમાં સવારથી સૌ કોઈ નાના-મોટા એકબીજા પર અબિલ, ગુલાલ તેમજ કેસુડાના રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. ઘણા લોકોએ ગઈકાલે ધૂળેટીની ઉજવણી કરી હતી. શહેરમાં જાહેર માર્ગો અને ગાર્ડનમાં લોકોએ રંગોથી ધૂળેટીની એડવાન્સ ઉજવણી કરી હતી. માર્ગોની આસપાસ રંગબેરંગી કલર-પિચકારીઓ લઈને ફેરિયાઓ પણ ગોઠવાઈ ગયા છે જેમાં લાલ, પીળો, લીલો, વાદળી, જાંબલી, કેસરી વિગેરે મેઘધનુષ્યરૂપી રંગોની માંગ રહેશે. શહેરની વિવિધ સોસાયટીઓ અને ચોકમાં ભેગા થઈને શહેરીજનો ધૂળેટી પર્વની ઉજવણી કરે છે. ધૂળેટીના ગીતો ગવાતા હોય છે. સંગીતના વિવિધ કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. ઢોલ-નગારા અને ડીજેના તાલે આખુ શહેર ધૂળેટીના પર્વમાં જુમી ઉઠે છે. "હોલી કે દિન દિલ ખિલ જાતે હૈ, રંગો મે રંગ મિલ જાતે હૈ.... ગિલે શિકવે ભૂલ કે દોસ્ત દુસ્મન ભી ગલે મિલ જાતે હૈ" દર વર્ષે હોળી પર્વને લઈ નવા નવા ગીતો પ્રસિદ્ધ થતા આવ્યા છે પરંતુ જૂના ગીતોની મજા જ કંઈક અલગ છે. અમિતાભ બચ્ચનજીનું 'હોલી ખેલે રઘુ-વીર...' સૌથી વધારે સાંભળવા મળે છે. શહેરીજનોને પાણીથી ધૂળેટી ન રમવા અપીલ કરવામાં આવી છે. પાણીનો વ્યય ન થાય તેનું સૌએ ધ્યાન અવશ્ય રાખવું જોઈએ. માત્ર કલર અને કેસુડાના રંગોથી ધૂળેટીથી ઉજવણી કરવામાં આવે તો પાણીનો વ્યય થતો અટકાવી શકાશે. જો કે કેટલાક વર્ષોથી ધૂળેટીના પર્વમાં કેસુડા, અબીલ, ગુલાલની જગ્યાએ કેમિકલયુક્ત હાનિકારક રંગોથી ધૂળેટી રમાય છે જે લોકોની ચામડીમાં બળતરા, વાળમાં નુકશાન, આંખોને નુકશાન, એલર્જીની તકલીફો થાય છે. આટલુ જ નહી આ રંગો માનવી ઉપરાંત અબોલ પશુ, પક્ષીઓ, વૃક્ષો અને સમગ્ર વાતાવરણને નુકશાન પહોંચાડે છે. જેની અસર ધૂળેટી પછી પણ ઘણા દિવસો સુધી રહે છે. જેથી ધૂળેટીનો તહેવાર રંગોથી જ મનાવવામાં આવે તેવી જાગૃત નાગરિકોની અપીલ છે. ધૂળેટી નાના ભૂલકાઓને અતિપ્રિય લાગે છે. પિચકારીઓ લઈને આખો દિવસ મિત્રો સાથે ધૂળેટીની ઉજવણીમાં વ્યસ્ત બની જતા હોય છે. ધૂળેટી રમીને શહેરીજનો ઠંડાઈની મજા માણવા અને સાથે સાથે ઠંડા પીણા, શેરડીનો રસ, આઈસક્રીમ, કુલ્ફી વિગેરેની મજા માણીને ઉત્સાહપૂર્વક આ વર્ષે ધૂળેટીની ઉજવણી કરાશે. આ રંગોનું પર્વ દરેકના જીવનમાં આનંદ અને ઉમંગ લાવે તેવી સૌને શુભકામનાઓ...

# ગાંધીનગરમાં ઉજવાયો જન ઔષધિ દિવસ

## કેન્દ્રીય પશુપાલન-ડેરી ઉદ્યોગ મંત્રી રૂપાલા-આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલની ઉપસ્થિતી






ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, નાનામાં નાના, છેવાડાના, વંચિત કે જરૂરતમંદ સૌના આરોગ્ય સુખાકારીની પ્રતિબદ્ધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હોલિસ્ટીક હેલ્થકેરની નવી પરંપરાથી દર્શાવી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ગરીબ માનવીને કે મધ્યમવર્ગીય પરિવારોને પાંચ લાખ રૂપિયા સુધીનું આરોગ્યરક્ષા યોજના આયુષ્યમાન ભારત તહેત મળે છે. એટલું જ નહિ, જરૂરતમંદ લોકોને સસ્તી અને સારી દવાઓ પણ હવે સરળતાએ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર દ્વારા મળી રહે છે. મુખ્યમંત્રી જન ઔષધિ દિવસની ઉજવણી અવસરે ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા તથા આરોગ્યમંત્રી રૂષિકેશ પટેલ અને ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા સહિતના મહાનુભાવો આ અવસરમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં આજે દરેક કલ્યાણ યોજના હોય કે આરોગ્ય સુવિધા સહિતના જનહિતલક્ષી કાર્યક્રમો હોય નાના માનવી, ગરીબોને કેન્દ્રસ્થાને રાખીને જ તેનું આયોજન થાય છે.

તેમણે જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીએ આવા નાના, છેવાડાના, ગરીબ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવા યોજનાઓના ૧૦૦ ટકા લાભાર્થી કવરેજનો એટલે કે સેચ્યુરેશન લેવલનો અભિગમ અપનાવ્યો છે. મળવાપાત્ર લાભથી કોઇ લાભાર્થી વંચિત ન રહે એવો જનહિત ધ્યેય સેચ્યુરેશન લેવલથી સાકાર થશે. ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે, કોઇ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોમાં ગંભીર બિમારી આવે એટલે મોંઘી દવાઓના ખર્ચથી બચવા આવા પરિવારો દર્દ સહન કરી લેતા તેવી સ્થિતી હતી.

# સ્વર્ણિમ પાર્ક અને સરકારી કચેરીઓમાં ધુળેટીની એડવાન્સમાં ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

ધુળેટીની રજા પહેલા એડવાન્સ ઉજવણી ઘણા સ્થળોએ કરવામાં આવી હતી. સ્વર્ણિમ પાર્કના વિશાળ ગાર્ડનમાં યુવાનોએ ધુળેટીની એડવાન્સમાં ઉજવણી કરી હતી તો સરકારી કચેરીઓમાં પણ ધુળેટીની ઉજવણીનો માહોલ છવાયો હતો.

આ વર્ષે હોળી પ્રગટાવ્યા બાદ બીજા દિવસે ધુળેટીની ઉજવણી કરવાની જગ્યાએ પડતર દિવસ આવે છે. આ પડતર દિવસનો સદ્ઉપયોગ કરી ઘણા સ્થળોએ ધુળેટીની એડવાન્સ ઉજવણી કરવામાં આવી હતી. પડતર દિવસે મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ હતી. શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય પૂર્ણ થયા બાદ ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. શાળાઓ છુટ્યા બાદ વિદ્યાર્થીઓએ એકબીજાને રંગ લગાવ્યા હતા. શિક્ષકો પણ આ ઉજવણીમાં જોડાયા હતા.

સ્વર્ણિમ પાર્ક તો જાહેર ઉજવણીઓ અને પર્વો માટે સૌનુ માનીતુ સ્થળ બન્યુ છે. સ્વર્ણિમ પાર્કના વિશાળ બગીચામાં યુવાનો એકત્ર થયા હતા અને ધુળેટીની એડવાન્સ ઉજવણી કરી હતી. સવારથી લઈને મોડી સાંજ સુધી અહી યુવક-યુવતીઓના ટોળાં ધુળેટીની ઉજવણીમાં મશગુલ જોવા મળ્યાં હતા. આ તકનો લાભ લઈને વિવિધ રંગો વેચનારા ફેરીયાઓએ અહીં અડ્ડો જમાવી દીધો હતો.

શૈક્ષણિક સંસ્થાઓ, સ્વર્ણિમ પાર્કની જેમ જ સરકારી કચેરીઓમાં પણ ધુળેટીની એડવાન્સ ઉજવણી થઈ હતી. ધુળેટીની રજા પહેલાના વર્કિંગ ડે પર કચેરીમાં આવેલા કર્મચારીઓએ ધુળેટીની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.

સરકારી કચેરીઓમાં ધુળેટીની ઉજવણીનો અનેરો ઉલ્લાસ અનુભવાયો હતો. કચેરી છુટવાના સમય પહેલા અધિકારીઓ-કર્મચારીઓએ એકબીજાને રંગો લગાવીને હોળીની શુભકામનાઓ પાઠવી હતી.

# રાજ્યમાં મોટા અને મધ્યમ ખેડૂતોની સંખ્યામાં ઘટાડો થયો

## ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર : રાજ્યમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ની સ્થિતિએ ૫૩ લાખ ૨૦ હજાર ૬૨૬ ખેડૂત ખાતેદાર

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાનું હાલ બજેટસત્ર ચાલી રહ્યું છે. તેમાં સરકાર અને વિપક્ષ વચ્ચે વિવિધ મુદ્દા પર પ્રશ્નોતરી શરુ છે. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પૂછેલા પ્રશ્નનો લેખિત જવાબ મંત્રી દ્વારા ગૃહમાં આપવામાં આવ્યો હતો.

ખેડૂતના મુદ્દા પર સરકાર પાસે લેખિત જવાબની માંગણી કરવામાં આવી હતી. જેમાં સરકારે જવાબમાં ઉલ્લેખ કર્યો કે, રાજ્યમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ની સ્થિતિએ ૫૩ લાખ ૨૦ હજાર ૬૨૬ ખેડૂત ખાતેદાર છે. જેમાં સીમાંત ખેડૂતોની સંખ્યા ૨૦ લાખ ૧૮ હજાર ૮૨૭, નાના ખેડૂતોની સંખ્યા ૧૬ લાખ ૧૫ હજાર ૭૮૮, અર્ધ મધ્યમ ખેડૂતોની સંખ્યા ૧૧ લાખ ૫૦ હજાર ૨૫૪, મધ્યમ ખેડૂતની સંખ્યા ૪ લાખ ૯૫ હજાર ૮૬૯ અને મોટા ખેડૂતોની સંખ્યા ૩૯ હજાર ૮૮૮ નોંધાયા છે. વધારેમાં તેમણે લખ્યું હતું કે, એગ્રી સેન્સસ પ્રમાણે મોટા અને મધ્યમ ખેડૂતોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

# કમોસમી વરસાદને કારણે થયેલા નુકસાનનો સર્વે કરવા આદેશ કરાયો

## રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે નુકસાન : રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે થયેલા નુકસાનનો સર્વે કરવાનો મુખ્યમંત્રીએ કર્યો આદેશ

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને થયેલા નુકસાનનો સર્વે કરવાનો મુખ્યમંત્રીએ કર્યો આદેશ કર્યો છે. વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરી દરમિયાન કૃષિમંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરી છે. કૃષિમંત્રીએ જણાવ્યુ કે રાજ્યમાં ખેડૂતોના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી માવઠાની સ્થિતિને પગલે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન પહોંચ્યુ છે. જેમા કેરીના પાકને પણ વ્યાપક નુકસાન થયુ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં માવઠાના મારથી કેરીના પાકને પારાવાર નુકસાન પહોંચ્યુ છે. એક લાખ હેક્ટરમાં કેરીના પાકને નુકસાન થયુ હોવાની આશંકા સેવાઈ રહી છે. ભારે પવન અને વરસાદના કારણે કેરીના પાકના મોરવા તૂટી પડ્યા છે. રાજ્ય સરકાર ઝડપથી સર્વે કરી સહાય ચુકવે તેવી માગ ખેડૂતો કરી રહ્યા છે. હવામાન વિભાગે પણ આગામી ત્રણ દિવસ રાજ્યમાં સામાન્યથી છૂટોછવાયો વરસાદ પડવાની આગાહી કરી છે. આ ત્રણ દિવસ દરમિયાન ઠંડર સ્ટ્રોમ અને હેલસ્ટ્રોમ એક્ટિવિટી પણ રહેશે. ત્રણ દિવસ દરમિયાન તાપમાન યથાવત રહેશે.

# પુરૂષ-મહિલા સમાનતા અંગે ભ્રમણાઓ તોડવાની જરૂર

ગાંધીનગર, તા. ૭

હું અમૃત પટેલ ૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસે આપ સર્વેને શુભકામનાઓ પાઠવુ છું. આજે દેશમાં અને વિશ્વમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં નારીશક્તિની વાતો થશે, સફળ મહિલાઓની વાતો થશે, મહિલાઓ માટેની સરકારની યોજનાઓની વાતો થશે, બેટી બચાવો બેટી પઢાવોની અને તેની સફળતાની વાતો થશે, આ વાતાવરણ વચ્ચે હું આપને ૧૦૦થી વધુ વર્ષથી થતી આ ઉજવણી બાદ આજે મહિલાનું સ્થાન ક્યાં છે ? તેમનું પ્રમાણ કેટલું છે ?ની આધારભુત અને નક્કર માહિતી આધારે વાસ્તવિક સ્થિતિનો પરીચય કરાવવા માગું છું. સમાજમાં મહિલાઓનું પ્રમાણ તે સમાજમાં મહિલાઓની સ્થિતિ સાથે સીધો સંબંધ ધરાવે છે તે સૌ સ્વીકારીએ છીએ. બિજા અર્થમાં કહીએ તો સ્ત્રીભ્રુણ હત્યાનું પ્રમાણ/પુત્ર જન્મની પ્રાથમિકતા એ સમાજમાં સ્ત્રીની સ્થિતિ, સ્ત્રીની સલામતી સ્ત્રીને મલતુ સન્માન અને સ્ત્રીને મલતી સમાનતા દર્શાવે છે. સ્ત્રીભ્રુણ હત્યાએ સમાજે ઉભી કરેલી અને સમાજે સ્વીકારેલી સમાજ વ્યવસ્થાનું પરીણામ છે. સમાજમાં સ્ત્રીઓનું પ્રમાણ જાણવા મુખ્ય આધાર છે, વસતી ગણતરી જે દર ૧૦ વર્ષે થાય છે. પરંતુ કમનશીબે ૨૦૨૧માં થવી જોઈએ વસતી ગણતરી કોરોના મહામારીને કારણે થઈ શકી નથી તેથી ૨૦૧૧માં થયેલી વસતુ ગણતરીમાં ૦ થી ૬ વર્ષના બાળકોમાં દીકરીઓનું પ્રમાણ અને દર વર્ષે જાહેર થતા જન્મ નોંધણીના આંકડા ઉપર આધાર રાખવો પડશે જે આપણને જે તે ભૌગોલીક વિસ્તારની સ્થિતિ દર્શાવે છે. વધુમાં કેટલાક શિક્ષિત અને વિકસીત અને સંગઠીત/ગોળ સમાજો તેમની પરીચય પુસ્તીકા બનાવે છે તે પણ આધારભુત માહિતી પુરી પાડે છે અને તેમાં નોંધાયેલ અપરણિત સ્ત્રી-પુરૂષ પ્રમાણ સચોટ માહિતી આપે છે. અમો છેલ્લા ૧૨ વર્ષથી મહિલાઓના ઘટતા પ્રમાણ અંગે લોક જાગૃતિ લાવવા પ્રયાસ કરી રહ્યા છીએ અને સબ સલામતની ભ્રમણામાંથી લોકોને બહાર લાવવા પ્રયાસો કરી રહ્યા છીએ. ૨૦૧૨માં પ્રસારીત આમીરખાન આયોજીત સત્યમેવ જયતેના પ્રથમ એપીસોડ જે સ્ત્રીભ્રુણ હત્યા ઉપર હતો તેના ત્રીજા દિવસે આમીર કા અસર (સ્ટાર ન્યુઝ હાલની એબીપી ચેનલ ઉપર)માં અમારો ઈંટવ્યુ પ્રસારીત થયો હતો. સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા PC&PNDT કાયદો ૧૯૮૪માં દાખલ કર્યો અને તેમાં ૨૦૦૪માં સુધારો પણ કર્યો, પરંતુ ૨૦૦૧ અને ૨૦૧૧માં થયેલ વસતી ગણતરીમાં ૦ થી ૬ વર્ષના બાળકોમાં દીકરીઓની સંખ્યા ઘટતી જ રહી. કાયદો ધાર્યુ પરીણામ લાવી શક્યો નથી અને નીતિ આયોગે જાહેર કરેલા જન્મ નોંધણીના આંકડા મુજબ ગુજરાત રાજ્ય દેશમાં સ્ત્રીભ્રુણ હત્યામાં પ્રથમ ક્રમે આવ્યાનું જાહેર થયેલ છે. આ છે આપણા પ્રયત્નોની અસરકારકતા. છતાં સરકાર અને સમાજ સબસલામતની વાતો કરી બેટી બચાવો ઝુંબેશ સફળ થયાની ભ્રમણાઓ ફેલાવી રહ્યા છે. Token success Lku Total success બતાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દેશના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, મુખ્ય પ્રધાનો અને રાજ્યપાલો મહિલા છે, આ એક Token success છે. અને જ્યાં આ સ્થાનો ઉપર મહિલા સન્નારી લાંબો સમય હોય તે જ દેશમાં સ્ત્રીઓની સંખ્યા સૌથી ઓછી છે તે પણ હકીકત છે. હું અહીં આપણામાં રહેલી ત્રણ ભ્રમણાઓ તોડી વાસ્તવીક સ્થિતિ દર્શાવવા પ્રયાસ કરી રહ્યો છું. ત્રણ ભ્રમણાઓ ૧. હવે તો સુધારો આવી ગયો છે. ૨. અમારે ત્યાં નહીં બધે જ આવું છે. ૩. મહિલાઓને સમાન ન્યાય મળી રહ્યો છે, તેમના માટે અનામત પણ દાખલ થઈ છે. તેમને સુરક્ષા આપતા કાયદા બની ચુક્યા છે અને તેનો અમલ થઈ રહ્યો છે.

### ભ્રમણા ૧. હવે સુધારો થઈ ગયો છે. તે ભ્રમણા છે.

દેશની વસતી ગણતરીના આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૦ થી ૬ વર્ષના બાળકોમાં દીકરીઓનું પ્રમાણ ૧૦૦૦ દિકરાઓ સામે | ૯૬૨ | ૯૪૫ | ૯૨૭ | ૯૧૪ |

છેલ્લા ચાર દાયકાથી દીકરીઓના જન્મ પ્રમાણમાં સતત ઘટાડો થતો જણાય છે.

### ભ્રમણા-૨. બધેજ આવું જ છે

ગુજરાતમાં દાતાથી ડાંગ સુધીનો આદિવાસી પટ્ટો લગભગ સમતુલીત છે. જ્યારે મહેસાણા શહેર સમગ્ર દેશમાં સૌથી નીચું બાળજાતિ પ્રમાણ ૭૬૦ આંક સાથે પ્રથમ ક્રમે છે. બીજા ક્રમે હરીયાણાનું સોનીપત ૭૮૪ (૨૪ આંક વધુ) સાથે બીજા ક્રમે છે. દેશમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચે બાળજાતી પ્રમાણા તફાવત માત્ર ૧૭ છે જે ગુજરાતમાં ૬૨ છે. ઉદાહરણરૂપ સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં બાળ જાતિ પ્રમાણ ૯૨૨ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૮૧૭ છે (તફાવત ૧૦૫ છે) મતલબ ગુજરાતના આદિવાસી વિસ્તારો સમતુલીત છે જ્યારે બાકીનું તળ ગુજરાત દેશમાં સૌથી અસમતુલીત વિસ્તાર છે. આ રહી ભૌગોલીક વિસ્તારની અસમતુલા હવે જ્ઞાતિ કે સમાજ આધારીત અસમતુલા સામે ૮૦૦ થી ૫૦૦ અપરણિત સ્ત્રીઓ હોવાનું સાબિત થયું છે. આ ૮૦૦ થી ૫૦૦નો મોટો તફાવત જ્ઞાતિ/સમાજ વચ્ચે મહિલાઓની સ્થિતિનાં તફાવત દર્શાવે છે. સૌથી ખરાબ સ્થિતિ તો એ છે કે કેટલાક સમાજમાં ગામડામાંરહેતા યુવાનને કન્યા મળવી અશક્ય બન્યું છે, હવે તેથી આગળ વધી ભારત દેશમાં વસતા યુવાનો માત્ર ૧૦ ટકાથી ૧૫ ટકાને જ તેમના સમાજમાંથી કન્યા મલશે અને વિદેશગમન કરેલ યુવાનો પૈકી ૮૦ થી ૯૦ ટકાને સમાજમાંથી કન્યા મલશે.

### ભ્રમણા-૩. મહિલાઓને સન્માન, સલામતી અને સમાનતા મળી રહી છે

સરકારી દફતરી નોંધાયેલા જાતિય ગુનાખોરી, બળાત્કાર અને હત્યાના વધતા બનાવો અને ગરેલુ હિંસા કાયદો ૨૦૦૫ના અમલીકરણ સામે દાખલ થયેલી જાહેર હિતની અરજી અને કોર્ટના હુકમના તિરસ્કારની અરજી આ ભ્રમણાનો છેડ ઉડાડે છે. સરકારી ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત દાખલ કરી પરંતુ તેને અવરોધતી ૧૦ ટકા કટઓફની મર્યાદાનો પેટાનીયમ ગુજરાત જાહેર સેવા આયોગે દાખલ કરી કેટલીક ભરતીમાં એક પણ મહિલા ઉમેદવાર પસંદગી ના કરી મહિલાઓની અનામત સીટ ઉપર પુરૂષ ઉમેદવારોની ભરતી કરી દીધી. તેની સામે મહિલાઓને ડાબા હાથે આપી જમણા હાથે પરત લેવાની નીતિ અપનાવી છે જેવા વાક્યો વાપરી સરકારની સખત જાટકણી કાઢી છે. આ ચુકાદાનો અમલ પણ સરકાર કરતી નથી. કારણ દરેક જગ્યાએ પુરૂષતાક માનસિકતા પ્રવર્તે છે. સમાજ પણ મહિલાઓ સાથે કેવો ભેદભાવ રાખે છે ? પ્રેમ લગ્નો/ભાગેડુ લગ્નોમાં જવાબદાર માત્ર યુવતીને ગણવામાં આવે છે અને તેમાં યુવતીના મા-બાપની આબરૂ ઘટે છે. જ્યારે ભગાડી લાવનાર યુવક તે તેના માતા-પિતાની વાહવાહ થાય છે. સમાજના આગેવાનો પણ એકઠા થઈ સંમતી વિના લગ્ન કરે તેવી દીકરીની વારસાઈમાં મળતી મિલ્કતનો હક્ક ડુબાડવા કાયદો લાવવા સરકાર ઉપર દબાણ લાવી રહ્યા છે. આ આગેવાનો માત્ર પુરૂષો છે અને તેમાં મોટાભાગનાને સંતાનમાં દીકરી નથી તેવા છે. 'દીકરી જન્મને આવકારીએ છીએ... પણ મારે ઘેર નહીં બીજાને ઘેર'. ની માનસીકતા વાળા છે. મહિલાઓને સલામતી, સન્માન કે સમાનતા અપાવવા કોઈ આંદોલન થયા નથી અને થશે પણ નહી. આંદોલન કરવાને બદલે પોતાને ઘેર દીકરી જન્મ ટાળવાનું મન મનાવી લીધુ છે. ભલે વાંઢાઓની ફોજ કકળાટ કરે કે રેલી કાઢે, પુરૂષત્તાક માનસિકતા કોઈએ છોડવી નથી. ૨૯ વર્ષ પહેલા ૧૯૯૪માં સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા બનેલો કાયદો, ૨૦ વર્ષથી ચાલતી બેટી બચાવો... બેટી પઢાવો ઝુંબેશ, સુરતમાં ૨૦૦૬માં થયેલ મહાલાડુ કાર્યક્રમ અને ૨૦૦૮માં યોજાએલ સુરત સોમનાથ રેલી, કે બાદશાહ સુકન્યા બોન્ડ યોજના ધાર્યુ પરીણામ લાવી શકી નથી કારણ કે આ સમસ્યા જાગૃત, શિક્ષિત અને સાધન સંપન્ન લોકોની છે, જે જાગૃતી કે પૈસાની લાલચથી ઉકેલી શકાય નહીં. દીકરી અણગમતુ સંતાનને કારણે ઉભી થયેલી દૂધપીતી પ્રથા અંગ્રેજોએ ૧૦ વર્ષમાં ૧૦૦ ટકા અટકાવી હતી, કારણ ઉપાયો સમસ્યાના કારણને સંબંધીત હતા. હાલના ઉપાયો અને સમસ્યાના કારણો વચ્ચે કોઈ સંબંધ નથી.

**નારીને ન્યાય અપાવો.. તો અને તો જ બેટી બચશે**